# પીઆઈ ભાણેજ સામે નહીં પણ મામા સામે ગુનો નોંધવા કોર્ટનો આદેશ

**સિક્યુરિટી** ઓફિસરે સચિન જી.આઈ.ડી.સી. પીઆઈ સહિતના સામે ગુનો દાખલ કરવા કોર્ટમાં અરજી કરી હતી

સુરતઃ સીક્યુરિટી ગાર્ડને નોકરીમાંથી કાઢી મુકતા ભાણેજ પીઆઈએ કાસાં સિક્યુરિટી સર્વિસીસના ઓફિસર દ્રવિડ ચીંતામણી પાન્ડેને માર મારતા સચિન જી.આઈ.ડી.સીનાં પીઆઈ ભાણેજ અને મામા સિક્યુરિટી ગાર્ડ સામે ગુનો દાખલ કરવા કોર્ટમાં કરેલી અરજી કોર્ટે અંશતઃ મંજૂર રાખી સીક્યુરિટી ગાર્ડ સામે ક્રિમિનલ કેસ તરીકે નોંધવાનો હુકમ કર્યો હતો. અરજદાર દ્રવિડ ચીંતામણી પાન્ડેએ વકીલ કમલેશ રાવલ મારફતે કોર્ટમાં અરજી કરી હતી. સિક્યુરિટી ગાર્ડ દલજીભાઈ કનુભાઈ ચૌધરીને અરજદારે નોકરી પરથી કાઢી મુકતાં આરોપી દલજીભાઈએ સચિન જીઆઈડીસીના પીઆઈ ભાણેજ મારફતે અરજદારને પોલીસ સ્ટેશને બોલાવી માર માર્યો હતો. જેથી તેઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અરજદાર સિક્યુરિટી ઓફિસર દ્રવિડે કોર્ટમાં અરજી કરી હતી. આ અરજીની સુનાવણી બાદ કોર્ટે પ્રાથમિક પુરાવાઓના આધારે, ફરીયાદ અંશતઃ મંજૂર કરી પી.આઈ. જે.આર. ચૌધરી વિરુદ્ધ હાલના તબક્કે કોઈ પૂરતા અને પ્રાથમિક પુરાવા ઉપલબ્ધ ન હોવાને કારણે, ક્રિમિનલ પ્રોસિજર કોડ, 1973 ની કલમ 203 મુજબ ફરીયાદ નામંજૂર કરી હતી. જ્યારે આરોપી દલજીભાઈ કનુભાઈ ચૌધરી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા, 1860 ની કલમ 323, 504 તથા 506(2) મુજબ ગુનો બનતો જણાતાં, ક્રિમિનલ પ્રોસિજર કોડ, 1973 ની કલમ 204 મુજબ સ્વીકારી ફોજદારી ગુનો દાખલ કરવા હુકમ કર્યો હતો.

# વરાછા બેંકની ચૂંટણીમાં સહકાર પેનલના તમામ 12 ઉમેદવારનો વિજય

**એક** વિરુદ્ધ બધાની સ્થિતિ વચ્ચે પણ પરિવર્તન પેનલના હિતેશ જાસોલિયાને 1523 મત મળ્યા

**સહકાર** પેનલને ટેકો આપી ચૂંટણી પ્રચારના મેદાનમાંથી ખસી ગયેલાઓને 1200થી 1400 મત મળતા આશ્ચર્ય



સુરત : વરાછા બેંકના બોર્ડ ઓફ મેનેજમેન્ટની ચૂંટણી માટે 53,300 મતદારોમાંથી 9766 મતદારોએ મતદાન કર્યું હતું. એ પૈકી આજે મતગણતરી થઈ ત્યારે 981 મત ચૂંટણી અધિકારીએ રદ થયેલા જાહેર કર્યા હતા. જ્યારે 9,785 મત માન્ય રહ્યા હતા. એ પૈકી સહકાર પેનલના ઉમેદવાર બાબુભાઈ રાદડિયાને 7926 મત મળ્યાં હતાં. જ્યારે મેદાનમાં રહેલા પરિવર્તન પેનલના પરાજિત ઉમેદવાર હિતેશ ભરતભાઈ જાસોલિયાને મતદારોને 1523 જેટલા મત આપી સત્તાધારી પક્ષને પણ એક સચોટ સંદેશો આપ્યો હતો. ઉમેદવારી પરત ખેંચવાની અંતિમ તારીખ વીતી ગયા પછી કેટલાક ઉમેદવારોએ સત્તાધારી પેનલને ટેકો આપી ચૂંટણી જંગમાંથી ખસી ગયા હોવા છતાં મતદારોએ તેઓને 1150 થી 1400 જેટલા મતો આપ્યા હતા. એને લઈ આશ્ચર્ય ફેલાયું હતું.

પરિવર્તન પેનલના ઉમેદવાર બાબુભાઈ રાદડિયા પછી ભદ્રેશ લખાણીને 7,758 મત, એ પછી બિપિન વિરાણીને 7802 મત, હરિભાઈ કથીરીયાને 7692 મત મળ્યા હતા. સહકાર પેનલના ઉમેદવાર વલ્લભભાઈ ચોથાણીનું બેલેટ પેપરમાં સૌથી છેલ્લું 18 મુ નામ હોવાથી તેઓને વિજેતા પેનલમાં સૌથી ઓછા 7162 મત મળ્યાં હતા. વરાછારોડ ધારૂકા કોલેજ ખાતે આજે મતગણતરી પૂર્ણ થયા પછી અપેક્ષિત પરિણામ આવ્યું હતું. જોકે આ મતદારોએ ચોક્કસ સંદેશા સાથેનો મેસેજ સત્તાધારી પેનલને આપ્યો હતો.

**કોને કેટલા મત?**

| ઉમેદવારનું નામ | મળેલા મત |
|---|---|
| (સહકાર પેનલ) | |
| બાબુભાઈ રાદડિયા | 7,926 |
| ભદ્રેશભાઈ લખાણી | 7,758 |
| બિપિનભાઈ વીરાણી | 7,802 |
| હરિભાઈ કથીરીયા | 7,692 |
| મનહરભાઈ સાસપરા | 7,676 |
| સી.પી. વાનાણી | 7,621 |
| નૈષધ જાસોલીયા | 7,608 |
| હરેશભાઈ કાપડિયા | 7,602 |
| કાંતિભાઈ મારકણા | 7496 |
| નરેન્દ્રભાઈ કાકડિયા | 7,456 |
| રાજેન્દ્ર બાંભરોલીયા | 7,183 |
| વલ્લભભાઈ ચોથાણી | 7,162 |
| (પરિવર્તન પેનલ) | |
| હિતેશ જાસોલીયા | 1,523 |
| ઘનશ્યામ કાળથીયા | 1,471 |
| જુલિયન વાઘાણી | 1,284 |
| પ્રતાપભાઇ ચોડવડિયા | 1,184 |
| તુષાર દોમડીયા | 1,142 |
| સંજય ઉમરેઠિયા | 1081 |

### પોલિએસ્ટર મધર-મોનો યાર્ન પર BISના

# QCO રદ કરવા સામે હાઈકોર્ટનો મનાઈ હુકમ

**સરકાર** દ્વારા યાર્ન પર લાગુ QCO ઉઠાવી લેવાના નિર્ણયને ઓરિલોન કંપનીએ હાઇકોર્ટમાં પડકાર્યો હતો

સુરત : સુરતની યાર્ન ઉત્પાદક કંપનીએ પોલિએસ્ટર મધર યાર્ન અને મોનો યાર્ન પરથી ક્યુસીઓ હટાવી લેવાના કેન્દ્ર સરકારના નિર્ણયને ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જેમાં તા.6 એપ્રિલે ચૂકાદો આપતા ગુજરાત હાઈકોર્ટે કેન્દ્ર સરકારના ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર (QCO) રદ કરવાના આદેશ સામે મનાઈ હુકમ આપ્યો છે.

વિવર્સ અગ્રણી મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા યાર્ન પર લાગુ QCO ઉઠાવી લેવાના નિર્ણયને ઓરિલોન કંપનીએ એક તરફી ગણાવી તેઓને સાંભળ્યા વિના QCO રદ કરવાના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. ચુકાદો આવતા જ સ્પિનર્સ દ્વારા 240 પોલિએસ્ટર સેમિડલ અને 240 બ્રાઈટ જેવી ક્વોલિટી પર સીધો 10 રૂપિયા ભાવ વધારી દેવામાં આવ્યો હતો. જેથી સરકારે ટેક્સ્ટાઈલ પેટ્રોલિયમ પ્રોડક્ટ પર આપેલી રાહત ધોવાઈ ગઈ હતી.

સ્પિનર્સ તરફે જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ હેમંત એમ. પ્રચ્છક સમક્ષ QCO મામલો લિસ્ટેડ કરવામાં આવ્યો હતો. એડવોકેટ આદિત આર. સંજાણવાલા સ્થાનિક સ્પિનર્સ વતી હાજર રહ્યા હતા અને રજૂઆત કરી હતી કે કેન્દ્ર સરકારે 2023 ના નોટિફિકેશનમાં પોલિએસ્ટર યાર્નની આયાત માટે BIS પ્રમાણપત્ર ફરજિયાત બનાવ્યું હતું. તેમણે વધુમાં દલીલ કરી હતી કે 2025 માં, કેન્દ્ર સરકારે સ્થાનિક ઉદ્યોગને સુનાવણીની કોઈ તક આપ્યા વિના નવી નોટિફિકેશન દ્વારા આ જરૂરિયાત રદ કરી હતી.

# તળાદ કોટનઃ જમીન ખરીદીમાં રજિસ્ટ્રારનો તપાસનો આદેશ

**ગેરરીતિના** આક્ષેપ સાથે પ્રમુખ,સેક્રેટરી પાસે ૧૦ દિવસમાં ખુલાસો મંગાયો

**સુરત** ડિસ્ટ્રિક્ટ બેંકના ખાતામાંથી થયેલાં શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન બાદ મંડળીમાં ખળભળાટ

સુરતઃ ધી તળાદ ગ્રુપ કો-ઓપ. કોટન સેલ સોસાયટી લિ. દ્વારા ખરીદ કરવામાં આવેલી જમીનમાં ગેરરીતિ કરવામાં આવી હોવાના આરોપ સાથેની ફરિયાદ ધર્મેશકુમાર દોલતભાઈ પટેલે કરતાં જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરત દ્વારા તપાસ યોજવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ધર્મેશકુમાર દોલતભાઈ પટેલ (રહે.,પટેલ ફળિયું, ઈશનપુર, તા.ઓલપાડ, સુરત) દ્વારા તા.૨૭/૩/૨૦૨૬ના રોજ અત્રેની કચેરીમાં મંડળી દ્વારા ખરીદ કરેલા બ્લોક નં.૧૪૯ની જમીન અંગે તથા વિનિત સર્વિસ સેન્ટરના ખાતામાં મંડળીના ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંકના ચાલતા બેન્ક એકાઉન્ટમાંથી ટ્રાન્સફર કરી છે તે અંગે તપાસ કરવા રજૂઆત કરી હતી. આ રજૂઆત પરત્વેનો આધાર-પુરાવા સહિતનો હકીકતલક્ષી જવાબ પત્ર દિન-૧૦માં જમા કરાવવા જિલ્લા રજિસ્ટ્રારે મંડળીના પ્રમુખ, સેક્રેટરીને આદેશ આપ્યો છે.

ધર્મેશ પટેલે જિલ્લા રજિસ્ટ્રારને કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, બ્લોક નં.૧૪૯ વાળી બીનખેતીની જમીન રૂ.૧,૫૨,૦૦,૦૦૦ અંકે રૂપિયા એક કરોડ બાવન લાખ રૂપિયામાં ખરીદી આ રકમનું ચૂકવણું જમીન વેચનાર માલિકોને કરી તા.૧૭/૧૦/૨૦૨૫ના રોજ દસ્તાવેજ (નં.૧૭૩૭૩) કર્યો છે. સંસ્થાના પ્રમુખ તથા મેનેજરે પોતાના મેળાપીપણામાં સંસ્થામાંથી રૂપિયા આડત્રીસ લાખ વિનિત સર્વિસ સેન્ટરના ખાતામાં મંડળીના ધી સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના ચાલતા બેન્ક એકાઉન્ટમાંથી ટ્રાન્સફર કર્યા છે. આ નાણાં પાર્ટીને કઈ ખરીદી પેટે ચૂકવણી થઈ તેની તપાસ થવી જરૂરી છે. અમારી જાણ મુજબ સંસ્થાએ મોજે તળાદના બ્લોક નં.૧૪૯ ખરીદ કરી દસ્તાવેજ કર્યો છે. જેની બાજુમાં લગોલગ આપેલ બ્લોક નં.૧૫૦વાળી જમીન મંડળીના પ્રમુખે પોતાના નામે ખરીદ કરી તેમના નામે દસ્તાવેજ કર્યો છે. વેચાણ કરનાર માલિક અને મંડળીના પ્રમુખે રાખેલી વેચાણ જમીનના બંનેના માલિક એક જ છે. જેથી શંકા ઉપજે છે કે, ઉપરોક્ત રૂપિયા ૩૮,૦૦,૦૦૦ પૂરા જે ટ્રાન્સફર કર્યા છે, તે રકમ મંડળી પ્રમુખે રાખેલી જમીનમાં ઉપયોગમાં લીધા છે કે કેમ તેની તપાસ થઈ જરૂરી છે.

### ચલો સ્કૂલ ચલે હમ, સ્વપ્ન છે પરંતુ શિક્ષણ તો આપવું જ પડશે



આજે શિક્ષણ તમામ માટે જરૂરી છે. પરંતુ આજે પણ ગરીબ પરિવારના બાળકો માટે શાળા કદાચ સ્વપ્ન સમાન જ હશે. ત્યારે સુરતની એક શિક્ષિકા આવા બાળકોને શિક્ષણ મળે તે માટે છેલ્લા આઠ વર્ષથી પ્રયાસ કરી રહ્યા છે. સુરતના શિક્ષિકા બીનાબેન એચ. મહેતા ફૂટપાથ કે બ્રિજ નીચે રહેતા ગરીબ પરિવારોના બાળકોને અક્ષરજ્ઞાનની સાથે શિક્ષિત બનાવવા પ્રયાસ કરી રહ્યા છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

## સંક્ષિપ્ત સમાચાર

### લીગલ એઈડ પ્રવૃત્તિઓ માટે સુરતને મલ્ટી યુટિલિટી વ્હીકલની ફાળવણી

સુરતઃ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદ તરફથી નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી (નાલસા)ની ગ્રાન્ટમાંથી કાનૂની જાગૃતિ ફેલાવવા તેમજ લીગલ એઈડ પ્રવૃતિઓ માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સુરતને મલ્ટી યુટિલિટી વ્હીકલ (MUV) બોલેરોની ફાળવણી કરવામાં આવી હતી. જે અંગે ફ્લેગ ઓફ સેરેમની ગુજરાત હાઈકોર્ટ ખાતે ન્યાયમૂર્તિ વિક્રમનાથ, ન્યાયમૂર્તિ એન.વી. અંજારીયા, ન્યાયમૂર્તિ વિપુલ પંચોલી તેમજ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો તેમજ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ એ. વાય. કોગ્ને, એક્ઝિક્યુટિવ ચેરમેન, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ તેમજ ન્યાયમૂર્તિ એ.એસ. સુપૈયા, ગુજરાત હાઈકોર્ટ તથા એડમિનિસ્ટ્રેટિવ જજ, સુરત ડિસ્ટ્રિક્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટના અન્ય ન્યાયમૂર્તિ હાજર રહ્યાં હતા.

### સુરત સહિત 108 દેશમાં કાલે વિશ્વ નવકાર મહામંત્ર દિવસ ઉજવાશે

સુરતઃ વિશ્વ શાંતિ, અહિંસા અને આધ્યાત્મિક એકતાનો સંદેશ આપવાના ઉદ્દેશ સાથે 9 એપ્રિલ 2026, ગુરુવારે સુરતમાં વિશ્વ નવકાર મહામંત્ર દિવસ નિમિત્તે ભવ્ય સામૂહિક મહાજાપનું આયોજન કરવામાં આવ્યું છે. જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (JITO) સુરત દ્વારા આયોજિત આ કાર્યક્રમ શહેરના ઇન્ડોર સ્ટેડિયમ ખાતે સવારે 7:29 થી 9:36 વાગ્યા સુધી યોજાશે, જેમાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ, યુવાનો, પરિવારો અને સમાજજન ભાગ લેશે. આ વિશ્વ નવકાર મંત્ર દિવસ 108થી વધુ દેશોમાં ઉજવાશે, જેમાં આશરે 10 કરોડ લોકોની ભાગીદારીનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજન JITOના મુખ્ય પદાધિકારીઓ મિલન પારીખ (ચેરમેન), મિતેશ ગાંધી (ચીફ સેક્રેટરી), લલિત શાહ (કન્વીનર), નિરવ શાહ (કન્વીનર) અને પ્રકાશ ડુંગાણી (કન્વીનર)ની આગેવાની હેઠળ થઈ રહ્યું છે.

### પાલની ભૂલકાં વિહાર શાળા ખાતે રક્તદાન શિબિર યોજાઈ



સુરતઃ પાલ રોડ સ્થિત ભૂલકા વિહાર શાળા ખાતે નવી સિવિલ હોસ્પિટલના સાથવારે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 125 યુનિટ રક્ત એકત્ર થયું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં ભૂલકા વિહાર શાળા ઉપરાંત શાશ્વત ગ્રુપ, છાયંડો, સુરત શહેર પત્રકાર કલ્યાણ નિધિ, રાંદેર અડાજણ ડોક્ટર્સ ક્લબ, ક્લીનઅપ સુરત, વિઘ્નરાજ, યુવાનાઈ ઢોલ તાશા પથક, સુરત, આર્ય બજરંગ વ્યાયામ શાળા જેવી સંસ્થાઓ જોડાઈ હતી. જેમાં શાળાના વાલીઓ ઉપરાંત જિલ્લાશિક્ષણાધિકારી તેમજ ઇ.આઈ. હિમાંશુભાઈ બારોટ પણ ઉપસ્થિત રહ્યા હતા અને રક્તદાન પણ કર્યું હતું. જ્યારે છાંયડાના ભરતભાઈ શાહ, ભૂલકા વિહારના કેતનભાઈ વકીલ તેમજ ડો. મિતાબેન વકીલ તેમજ આયુર્વેદિક કોલેજના આચાર્ય ડો. મેઘા વ્યાસ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રભુનાં મંદિરો પુણ્ય અને પવિત્રતાના ભંડાર છેઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મલાડ (ઈસ્ટ)ના જીતેન્દ્રરોડ સ્થિત શ્રી લબ્ધિનિધાન શાંતિનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં ગચ્છાધિપતિશ્રી, પ્રશાન્તમૂર્તિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા, આ. શ્રી મુક્તિવલ્લભસૂરિજી મ., આ. શ્રી પદ્મદર્શનસૂરિજી મ. અને આ. શ્રી ધર્મયશસૂરિ મ. આદિ વિશાળ મુનિવૃંદની પાવન નિશ્રામાં સંપ્રતિકાલીન શાંતિનાથ જિનાલયની 24મી સાલગિરિ નિમિત્તે ધ્વજારોહણનો પ્રસંગ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો. 'ૐ પુણ્યાહં પુણ્યાહં, પ્રીયન્તામ્ પ્રીયન્તામ્'ના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચારપૂર્વક મંદિરના શિખર ઉપર ધજા લહેરાઈ ત્યારે પ્રભુભક્તો ભૂમી ઊઠ્યા હતા. ધ્વજારોહણ બાદ વિશ્વ શાંતિ માટે બૃહદ્ શાંતિનું પઠન કરવામાં આવ્યું હતું. આ પુનિત અવસરે પૂજ્યોએ માંગલિક શ્રવણ દ્વારા પ્રભુભક્તિનાં રહસ્યોનું વર્ણન કર્યું હતું. આ પુનિત પ્રસંગે આ. પ્રવર શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, પ્રભુના મંદિરો પુણ્ય અને પવિત્રતાના ભંડાર છે. પ્રભુના મંદિરોમાંથી પવિત્ર ઊર્જાના સ્ત્રોત વહી રહ્યા છે.

### પરમાર્થ ફાઉન્ડેશનના કોમલ બચકાનીવાલાએ જૂની સિવિલમાં પોતાનો જન્મદિવસ ઉજવ્યો



સુરતઃ પરમાર્થ ફાઉન્ડેશનના અગ્રણી કોમલબેન બચકાનીવાલા દ્વારા ચોકબજાર સ્થિત 'જૂની સિવિલ હોસ્પિટલ' ખાતે પોતાના જન્મદિવસ નિમિત્તે હોસ્પિટલમાં પીડિયાટ્રિક વોર્ડમાં સારવાર લઈ રહેલા બાળકોને રમકડાં, હોસ્પિટલ સહિત પરિસરને મંદિરની જેમ સ્વચ્છ રાખતા મહિલા સફાઈકર્મીઓને સાડી અર્પણ કરી તેમના શ્રમનું સન્માન કરાયું હતું. હોસ્પિટલમાં દાખલ તમામ દર્દીઓને ફ્રૂટ વિતરણ કરવાની સાથે જરૂરિયાતમંદ મહિલા દર્દીઓને સાડીનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૂની સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.દિસિતા શ્રોફ, આરએમઓ ડો.ઓમકાર ચૌધરી તથા નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા સહિત તબીબો, નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# UPSC પરીક્ષામાં ત્રીજી નિષ્ફળતા બાદ પીપલ્સ બેંકના ક્લાર્કનો આપઘાત

**બે વર્ષ** પહેલાં જ યુવકનાં લગ્ન થયાં હતાં

સુરતઃ અડાજણમાં રહેતા અને પીપલ્સ બેંકમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા યુવકે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. યુવક સતત ત્રણ વખત યુપીએસસીની પરીક્ષામાં નિષ્ફળ જતાં આ પગલું ભર્યું હતું.

મળતી માહિતી મુજબ અડાજણ વિસ્તારમાં આવેલી સનઈ રેસિડેન્સીમાં રહેતા 31 વર્ષીય ભાવિક નૈલેશભાઈ દેસાઈનાં બે વર્ષ પહેલાં લગ્ન થયાં હતાં. ભાવિક પીપલ્સ બેંકમાં ક્લાર્ક તરીકે નોકરી કરતો હતો. તેમજ તે મિત્ર સાથે ખાનગી કંપનીમાં એજન્ટ તરીકેનું કામ પણ શીખવા તેની ઓફિસે જતો હતો. તેમજ ભાવિકની પત્ની પીપલોદ રોડ પર આવેલી સાસ્કમા ઇંગ્લિશ મીડિયમ કોમર્સ કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. ભાવિકનાં બે વર્ષ પહેલાં જ લગ્ન થયાં હતાં. સોમવારે સવારે ભાવિકે ઘરમાં ઝેર પી લીધું હતું. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ભાવિકનું મોત નીપજ્યું હતું.

પોલીસની પ્રાથમિક તપાસમાં ભાવિક યુપીએસસી પરીક્ષાની તૈયારી કરતો હતો, જેમાં તેણે ત્રણ વખત યુપીએસસીની પરીક્ષા આપી હતી. પરંતુ ત્રણેય વખત તે નિષ્ફળ ગયો હતો. જેથી ભાવિક ડિપ્રેશનમાં આવી ગયો હતો. તે ડિપ્રેશનની દવા પણ લેતો હતો. અંતે સોમવારે ભાવિકે આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ બનાવ અંગે વધુ તપાસ અડાજણ પોલીસ કરી રહી છે.

# 1,75,491 સાડી ખરીદી રૂ.10 કરોડની છેતરપિંડી કરનારા 3 પકડાયા

**આધારકાર્ડમાં** ખોટું સરનામું લખાવી મૈસુર, કર્ણાટકમાં શિવમ્ ટ્રેડર્સ નામે કંપની શરૂ કરી હતી, સુરતના વેપારી આ ટોળકીનો ભોગ બન્યા

સુરતઃ કાપડના વ્યવસાયમાં મોટા પાયે છેતરપિંડી કરવામાં આવે છે તેમાં પહેલા બે-ત્રણ તબક્કામાં રોકડાથી અથવા ચેકથી સમયસર નાણાં પહોંચાડી દઈ વિશ્વાસ કેળવવામાં આવે છે. એક વખત ભરોસો આવી જાય પછી મોટી રકમની ખરીદી કર્યા બાદ નાણાં ચૂકવવાના સમયે હાથ ઊંચા કરી દેવામાં આવે છે. આ જૂની મોડસ ઓપરેન્ડી અપનાવી તામિલનાડુના ત્રણ ઠગોએ સુરતના એક કાપડના વેપારી પાસેથી ચાર મહિનાના સમયગાળામાં 1,75,491 સાડી ખરીદી તેના રૂ.10,43,43,545 ચૂકવ્યા નહીં. આખરે મામલો આર્થિક ગુના નિવારણ શાખા સુધી પહોંચતાં પોલીસે ત્રણેયની ધરપકડ કરી છે.

આર્થિક ગુના નિવારણ શાખામાંથી જાણવા મળતી માહિતી મુજબ તામિલનાડુના ત્રણ ઠગ રમેશ સાગાદેઉન (ઉં.વ.49), માધૈયન મુરુગન કે.એમ. ઉર્ફે રાજેશ ઉર્ફે રાહુ (ઉં.વ.50) અને ગોવિંદરાજ સોકકાન ઉર્ફે રાજેશ ઉર્ફે રમેશ (ઉં.વ.51) એ સાથે મળી કાવતરું રચ્યા બાદ આધારકાર્ડમાં ખોટું સરનામું લખાવ્યું હતું. એ ખોટા સરનામા પર શિવમ્ ટ્રેડર્સ નામે કંપની બનાવી આ કંપની કર્ણાટકના મૈસુરમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આ ત્રણેયે સુરતના કાપડના વેપારીની ઓશ્યન વેવ્સ નામની ફર્મ સાથે વ્યવસાય કરવાનો પ્રારંભ કર્યો હતો. પ્રારંભિક તબક્કે જેકાર્ડ સાડી મંગાવી તેનાં નાણાં ચેકથી ચૂકવી દીધા, એટલું જ નહીં પણ રૂ.2,84,37,545ની કિંમતના ચેક પણ એડ્વાન્સ પેટે આપી દીધા હતા.

આ રીતે સમયસર પેમેન્ટ કરીને તેમજ એડ્વાન્સ ચેક આપી વેપારીનો ભરોસો કેળવ્યા બાદ રૂ.10,43,43,748ની કિંમતની 1,75,491 નંગ જેકાર્ડ સાડી મંગાવ્યા બાદ નાણાં ચૂકવવાના બદલે હાથ ઊંચા કરી દીધા હતા. આ રીતે છેતરપિંડી કરનારા ત્રણેય સામે આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાઈ હતી, જેમાં પોલીસે ત્રણેયની ધરપકડ કરી છે.

સુરતના વેપારીએ તા.8-11-2025થી આ ટોળકી સાથે વેપાર કરવાનો પ્રારંભ કર્યો હતો અને ચાર મહિનાના સમયગાળામાં એટલે કે તા.28-2-2026ના રોજ સાડીઓ મોકલવાનું બંધ કરી દીધું હતું. એટલે કે, ચાર મહિનાના સમયગાળામાં વોટ્સએપ ગ્રુના માધ્યમથી અલગ અલગ સાડી મગાવી તામિલનાડુની આ ટોળકીએ વિશ્વાસઘાત કર્યો હતો.

# આપના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા સુરતમાં ચૂંટણી લડશે

સુરતઃ બે દિવસ પહેલા આમ આદમી પાર્ટીએ સુરત મનપાના 75 ઉમેદવાર જાહેર કરી દીધા બાદ મંગળવારે આપના મોવડી મંડળે આપના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાને સુરત મનપાની ચૂંટણી લડાવવાની જાહેરાત કરી હતી. મનોજ સોરઠિયા વરાછા કે મોટા વરાછા વિસ્તારના વોર્ડમાંથી ચૂંટણી લડશે તેવું મનાઈ રહ્યું છે.

# વાલક ગામમાં પટકાતાં યુવકનું મોત

સુરતઃ ડેડીયાપાડા તાલુકામાં આવેલા ઘાટ ફળિયામાં 39 વર્ષીય સુરેશભાઈ શંકરભાઈ વસાવા વાલક ગામમાં રેલવે ફાટકની સાઈટ પર કામ કરવા માટે આવ્યા હતા. દરમિયાન સાઈડ પર પતરાનો શેડ ઉતારતી વખતે તેઓ 12 ફૂટ ઊંચાઈએથી નીચે પટકાતા તેમનું મોત નીપજ્યું હતું.

# ૩૭૦ મશીન વોર્ડ અને નગરપાલિકાઓને સુપરત

**સુરત** મનપાના ૩૦ વોર્ડ ઉપરાંત કડોદરા, બારડોલી, માંડવી અને તરસાડી નગરપાલિકા માટે તંત્ર સજ્જ

સુરતઃ સુરત શહેર અને જિલ્લાની આવનારી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ની ફાળવણીનો મહત્ત્વપૂર્ણ તબક્કો શરૂ કરવામાં આવ્યો છે. છેલ્લા ચાર મહિનાથી ચાલી રહેલી પૂર્વ તૈયારીઓ બાદ મંગળવારથી તબક્કાવાર રીતે EVM મશીનોનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે, જે મતદાન પ્રક્રિયાને નિષ્પક્ષ અને સુચારુ બનાવવા માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકાના વિવિધ વોર્ડ તેમજ બારડોલી નગરપાલિકા માટે કુલ અંદાજે ૨૩૭૦ જેટલા EVM મશીનો ફાળવીને સંબંધિત રિટર્નિંગ ઓફિસરોને સુપરત કરવામાં આવ્યા છે. સુરત મહાનગરપાલિકાના ૩૦ વોર્ડ ઉપરાંત કડોદરા, બારડોલી, માંડવી અને તરસાડી નગરપાલિકાની ચૂંટણીઓનો પણ સમાવેશ થાય છે. મંગળવારના પ્રથમ દિવસે વોર્ડ નં.2 માટે 560, વોર્ડ 7 માટે 300, વોર્ડ 8 માટે 350, વોર્ડ 21 માટે 330, વોર્ડ 22 માટે 390 અને વોર્ડ 29 માટે 240 મશીન ફાળવાયાં હતાં. ઉપરાંત બારડોલી નગરપાલિકા માટે અલગથી 200 મશીનો આપવામાં આવ્યાં છે. ચુસ્ત સુરક્ષા વ્યવસ્થામાં ચાલી રહેલી આ કામગીરી બુધવાર સુધી પૂર્ણ થવાની સંભાવના છે. તંત્રના આ સક્રિય પગલાં દર્શાવે છે કે ચૂંટણી પ્રક્રિયા માટેનું કાઉન્ટડાઉન હવે અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે અને મતદાનના દિવસે કોઈ ખામી ન રહે તે માટે પૂરતી તૈયારીઓ કરવામાં આવી છે.

# શેરમાં 300 ટકા વળતરની લાલચે ઠગાઈમાં ઠગ પકડાયો

**દેશભરમાં** કુલ 17 કરોડથી વધુની છેતરપિંડી, અગાઉ બે પકડાઈ ચૂક્યા છે

સુરતઃ શેર બજારમાં 300 ટકા વળતરની લાલચ આપી દેશભરના સંખ્યાબંધ લોકો સાથે રૂ.17,97,11,384ની છેતરપિંડી કરનારી ટોળકીના વધુ એકને પકડી પાડવામાં આવ્યો છે. જેમાં 19,87,000ની છેતરપિંડી કરી હોવાનું જણાવ્યું છે. ગુનામાં નાસતા ફરતા વધુ એક આરોપીની ધરપકડ કરી છે. અગાઉ આ ગુનામાં બે પકડાઈ ચૂક્યા છે.

રાજેશલાખા રુડાણી (ઉં.વ.54) (રહે.,ક્ષમા સોસાયટી, અટલજીનગર પાસે, વરાછા) અને પ્રફુલ નનુ માંડણકા (ઉં.વ.40) (રહે.,વ્રજરાજ સોસાયટી, વ્રજચોક, સરથાણા) પકડાઈ ચૂક્યા છે. જ્યારે હિરેન વિનોદ સોજિત્રા (ઉં.વ.27) (રહે.,અર્જુનનગર સોસાયટી, પૂણા ગામ, મૂળ રહે.,મોટી ખિલોરી, તા.ગોંડલ, જિ.રાજકોટ) ને પકડી પાડ્યો હતો.

આ ટોળકી બનાવટી ટ્રેડિંગ એપ દ્વારા તેમજ ફેસબુક અને વોટ્સએપના માધ્યમથી નકલી એપ મારફતે લોકોને શેર બજારમાં રોકાણ કરવામાં આવે તો 300 ટકા વળતરની લાલચ આપી નાણાં પડાવી લેતી હતી. કોઇ કિસ્સામાં નાણાં પરત માંગે તો તેના પર વ્યાજ વસૂલવાની વાત કરી થોડી રકમ આપે બાકીની ઓહિયા કરી જતી હતી. સાઇબર ક્રાઇમની ટીમે દેશભરમાં તપાસ કરી તો આ ટોળકીએ સંખ્યાબંધ લોકો સાથે કુલ રૂ.17,97,11,384ની છેતરપિંડી કરી હોવાની તેમજ આ ટોળકી સામે દેશભરનાં અલગ અલગ રાજ્યોમાં 12 ફરિયાદ નોંધાઈ ચૂકી હોવાનું જાણવા મળ્યું હતું.

# લિંબાયતમાં મધ વેચતા શ્રમિકના ઝૂંપડામાંથી 1.90 લાખની ચોરી

**પરવટ** ગામ પાસે સોના-ચાંદીના દાગીના અને રોકડ પર હાથફેરો કરી ચોરટાઓ પલાયન

સુરત : લિંબાયત વિસ્તારમાં પર્વત ગામ ખાતે મધ વેચીને ગુજરાન ચલાવતા એક ગરીબ શ્રમિકના ઝૂંપડાને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. રાત્રિના અંધકારનો લાભ લઈ તસ્કરો ખુલ્લા ઝૂંપડામાં પ્રવેશ્યા હતા અને શ્રમિક પરિવારે વર્ષોની મહેનતથી ભેગી કરેલી મૂડી તેમજ ઘરેણાં મળી કુલ રૂપિયા ૧.૯૦ લાખની મત્તા ચોરી પલાયન થઈ ગયા હતા. આ મામલે લિંબાયત પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

લિંબાયતના પર્વત ગામમાં મમતા ટોકીઝની સામે આવેલા ખુલ્લા મેદાનમાં મોહમ્મદ અલ્લાહ મોહમ્મદ શમશેર નટ પોતાના પરિવાર સાથે ઝૂંપડું બાંધીને રહે છે. મોહમ્મદ અલ્લાહ મધ વેચવાનો વ્યવસાય કરી માંડ-માંડ પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે. ગત તા. ૦૪/૦૪/૨૦૨૬ના રોજ રાત્રિના સમયે આખો પરિવાર ઝૂંપડામાં ગાઢ નિદ્રામાં હતો. રાત્રે તસ્કરોએ ઝૂંપડું બંને બાજુથી ખુલ્લું હોવાનો લાભ ઉઠાવી સામાનના પોટલામાં ખૂબ જ જતનથી રાખેલા સોના-ચાંદીના દાગીના અને મહેનતની કમાણીના રોકડા રૂપિયા શોધી કાઢ્યા હતા. તસ્કરો આશરે ૧.૯૦ લાખની કિંમતના દાગીના અને રોકડ લઈને રફુચક્કર થઈ ગયા હતા. સવારે જ્યારે પરિવાર જાગ્યો ત્યારે સામાન વેરવિખેર જોઈ તેમના હોશ ઉડી ગયા હતા. ચોરીની આ ઘટના અંગે ભોગ બનનાર મોહમ્મદ અલ્લાહે તાત્કાલિક લિંબાયત પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી મેદાનની આસપાસના રસ્તાઓ પર લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી છે.